**કામ નંબર : ૪/બ**

મોજે પાલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૫ (પાલ ) તૈયાર કરવી અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ સદરહુ યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.

**ઠરાવ નંબર : ૨૦૯૨/બ**

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે પાલ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૫ (પાલ) સુડા સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ નકશા, તે વિસ્તારના હયાત જમીન વપરાશના નકશા તથા માપણી થયેલ પ્લાન વગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ તથા તે અંગે વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોને આપવામાં આવી અને ઉક્ત વિગતોએ તથા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના તા.૧૧-૧૦-૯૯ ના નગર રચના યોજનામાં કરવાની થતી કપાતના પરિપત્રની તથા અહેથી અગાઉ અપાયેલ વિકાસ પરવાનગીની માહિતીની ચર્ચા કરવામાં આવી. વધુમાં નગર રચના યોજના વિસ્તારની હાલની સ્થળ સ્થિતિ મુજબ ખુલ્લો ખેતરાઉ વિસ્તાર હોઈ, તથા લાગુમાં જ સુરત મહાનગરપાલીકા/સુડા ધ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ બનેલ છે, અને જેને સરકારશ્રીની મંજુરી મળેલ છે તે સઘળી વિગતોની પણ ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યુ કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી ધ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત ધ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રી સાથે વિચાર વિનીમય કર્યા પછી ઠરાવે છે કે સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ ગુલાબી રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના પાલ વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૫ (પાલ) સુડા, સુરત.(હદો સામેલ પરિશિષ્ટ મુજબની રહે છે.) બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાન પત્રમાં તથા સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં સરકારશ્રીના ઉપરોક્ત તા.૧૧-૧૦-૯૯ ના પરિપત્રની

.....૨/---

વિગતોએ કપાતનુ ધોરણ રાખવાનું તથા સદરે મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન સંબંધક જમીનમાલીકો ધ્વારા કપાત થતી જમીનનો કબજો આપવાની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનુ અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનુ ઠરાવવામાં આવ્યુ.

( અમલ ટેકનીકલ શાખા )